ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડ
"વનગંગા" ૭૮,અલકાપુરી,વડોદરા-૭
**CIN: U02005GJ1976SGC002927**
ફોન નં.૨૩૫૫૨૯૨-૯૩-૯૪-૨૩૧૨૮૨૦-૨૩૪૪૮૫૨

## <u>જાહેર વિજ્ઞપ્તિ</u>

## ટીમરૂપાન એકમો ૨૦૨૦ મોસમ

વેચાણનું સ્થળ : ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિ.
"વનગંગા" ૭૮ અલકાપુરી વડોદરા-૭

ક્રમાંક : ઓએમ/૧૨૭૬/ટે.૬/૨૦૨૦/૨૭૩૫ તારીખ :૨૧-૧-૨૦૨૦

પ્રતિ

.........................................

.........................................

.........................................

વિષય : સને ૨૦૨૦ ની મોસમ માટેના અનુસૂચિત વિસ્તાર (શીડ્યુલ) અને બિન અનુસૂચિત વિસ્તાર (નોન શીડ્યુલ) ના ટીમરૂપાન એકમોનું ઉચ્ચક ધોરણે વેચાણ.

મહાશય,

પેસા PESA એકટ-૧૯૯૬ તેમજ એફઆરએ-૨૦૦૬ અને પેસા (PESA) નિયમો-૨૦૧૭ની જોગવાઇઓ અન્વયે, ગ્રામ પંચાયતો વતી ગૌણ વન પેદાશ એકત્રીકરણ, અને વેચાણ નિયમનની કામગીરી કરવા જે તે ગ્રામ સભાઓમાં ઠરાવો મેળવી નિગમે આ કામગીરી માટે અધિકૃત થયેલ છે તે મુજબ ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિ. તરફથી સીઝન ૨૦૨૦ માટે અનુસૂચિત વિસ્તાર (શીડ્યુલ) અને બિનઅનુસૂચિત વિસ્તાર (નોન શીડ્યુલ)ના ટીમરૂપાન એકમો (સહકારી મંડળીઓને રોટેશન મુજબ ફાળવવાના થતા યુનીટો સિવાય) ટેન્ડર કમ જાહેર હરાજી પ્રથમ, બીજો અને ત્રીજા એમ ત્રણ તબક્કામાં યોજવામાં આવેલ છે. જેનું સમયપત્રક નીચે મુજબ છે.

| હરાજીના તબકકા | વિગત | તારીખ અને વાર | ટેન્ડર સ્વીકારવાનો સમય | હરાજીના પરીણામની તારીખ અને વાર | હરાજીના પરીણામનો સમય |
|---|---|---|---|---|---|
| પ્રથમ | અનુસૂચિત અને બિન અનુસૂચિત યુનીટો (સહકારી મંડળીઓ માટે રોટેશન મુજબ અનામત રાખેલ ૪૪ યુનીટો સિવાય) | ૪-૨-૨૦ મંગળવાર | ૧૩.00 કલાક સુધી | ૪-૨-૨૦ મંગળવાર | ૧૭.00 કલાક |
| બીજો | -પ્રથમ તબકકાના વેચાણ બાદ, બાકી રહેતા યુનીટો.<br>- સહકારી મંડળીઓને ફાળવણી બાદ, બાકી રહેતા યુનીટોની હરાજીની પ્રક્રિયા. | ૧૭-૨-૨૦ સોમવાર | ૧૩.00 કલાક સુધી | ૧૭-૨-૨૦ સોમવાર | ૧૭.00 કલાક |
| ત્રીજો | પ્રથમ અને બીજા તબકકામાં વેચાણ બાદ બાકી રહી ગયેલ તમામ ટીમરૂપાન યુનીટોની હરાજીની પ્રક્રિયા | ૨૫-૨-૨૦ મંગળવાર | ૧૩.00 કલાક સુધી | ૨૫-૨-૨૦ મંગળવાર | ૧૭.00 કલાક |

- ઉપરોકત વેચાણ ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિ.ની વડોદરા મુકામે આવેલી મુખ્ય કચેરીએ રાખવામાં આવેલ છે. આ ટીમરૂપાન એકમોમાંથી ટીમરૂપાન એકત્ર કરાવી ખરીદવા ઇચ્છતી વ્યક્તિઓ/ સંસ્થાઓ પાસેથી જે તે તારીખના વેચાણ અંગેના ટેન્ડર સીલબંધ કરી કવર ઉપર "ટીમરૂપાન ખરીદી માટેનું ટેન્ડર ૨૦૨૦ સીઝન" એમ લખી વેચાણના સ્થળે ૧૩.૦૦ કલાક સુધીમાં સ્વીકારવામાં આવશે.

- અનુસૂચિત વિસ્તાર અને બિનઅનુસૂચિત વિસ્તારના ટીમરૂપાન એકમો (સહકારી મંડળીઓ સિવાય) ટેન્ડર કમ વેચાણ અંગેની વિગતો નીચે મુજ્બ છે.

(I) આવા ટેન્ડરો જે તે તારીખના વેચાણના રોજ ૧૧.30 કલાક સુધીમાં ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિ.ની વડી કચેરી “વનગંગા” ૭૮, અલકાપુરી, વડોદરા-૭ માં મળે તે રીતે મોકલવાનું રહેશે. પોસ્ટમાં મોકલવામાં આવેલ ટેન્ડરો માત્ર રજી.પોસ્ટથી મોકલાવેલ હોય તેવાજ ટેન્ડરો સ્વીકારવામાં આવશે. કુરીયર કે અન્ય એજન્સીઓ દ્વારા પોસ્ટથી મોકલવામાં આવેલ ટેન્ડરો સ્વીકારવામાં આવશે નહીં. અને ૧૩.૧૫ કલાકે ટેન્ડર ખોલી ટેંડરની સંખ્યા જાહેર કરવામાં આવશે. ત્યારબાદ માંગણીદારના પ્રસ્તાવિત ખરીદકિંમતના ૫% લેખે ખરાપણાની રકમની ચકાસણી કરવામાં આવશે. જે ટેન્ડરોમાં પ્રસ્તાવિત ખરીદકિંમત ૫% લેખે ખરાપણાની રકમ ઓછી માલુમ પડશે તો તેવા ટેન્ડરોને અમાન્ય ગણીને, તેનું વંચાણ કરવામાં આવશે નહીં. જેનું પરિણામ ઉપરોકત જણાવેલ તારીખ અને સમયે જાહેર કરવામાં આવશે.

(II) ટેન્ડર પધ્ધતિમાં બીન વેચાયેલ ટીમરૂપાન એકમોનું ખુલ્લી હરાજીથી અને ત્યારબાદ વાટાઘાટો દ્વારા વેચાણ પણ તે જ દિવસે તુર્તજ યોજવામાં આવશે. જે તે એકમની સબંધિત ઉપલબ્ધ વિગતો તથા નકશા વિગેરે સબંધિત ડીવીઝનની કચેરી, વડોદરા મુકામેની મુખ્ય કચેરી ખાતે કામકાજના દિવસો દરમ્યાન મળી શકશે. આ વેચાણ માટે **તા.૨૧-૧-૨૦૨૦ની** ટેન્ડર નોટીશ તમામ શરતો તેના સુધારા વધારા સહિતની લાગુ પડશે.

(III) ટેન્ડર નોટીશની શરતો, વેચાણ માટે મુકેલ અધિસૂચિત બોરાની સંખ્યા દર્શાવતી યાદી વગેરે ટેન્ડર ફોર્મ સાથે નિગમની મુખ્ય કચેરી, વડોદરા તેમજ ગોધરા ખાતેથી ટેન્ડર ફોર્મ ફી ના રૂ.૫૦૦/- રોકડેથી ચુકવવાથી મળી શકશે. ટેન્ડર ફોર્મ નિગમની વેબ સાઇટ www.gsfdcltd.co.in ઉપરથી ઓનલાઇન પેમેન્ટ ભરીને ડાઉનલોડ કરી મેળવી શકાશે. માંગણીદારે ટેન્ડર ફોર્મ સાથે ૫% અનામતનો તેમજ ટેન્ડર મંજૂર થયેથી ૨૦% માલકિંમતની રકમ ડ્રાફ્ટ અથવા પે ઓર્ડર સ્વરૂપે કરારનામા પર સહી કરતા પહેલા ભરી દેવાની રહેશે. કોઇપણ કારણ જણાવ્યા સિવાય કોઇપણ ટેન્ડર/ ટેન્ડરોનો સ્વીકાર કે અસ્વીકાર કરવાનો હક્ક નિગમના મેનેજીંગ ડાયરેકટરશ્રીને અબાધિત રહેશે. આ અંગેની વિગત ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિ. ની વેબસાઇટ www.gsfdcltd.co.in પરથી મળી શકશે.

ટેન્ડર મંજુર થયા બાદ સંબંધિત પાર્ટી નિયત સમયમાં કરાર કરે નહી તો તેવા સંજોગોમાં તેઓએ રાખેલ યુનીટની હરાજી નવેસરથી કરવામાં આવશે.

સહકારી મંડળીઓને ફાળવવાના થતા યુનીટો અંગેના ટેન્ડર કમ હરાજીના જાહેરનામુ અલગથી પ્રસિધ્ધ કરવામાં આવશે જેની જાણ થવા વિનંતી.

મેનેજીંગ ડાયરેકટર

નકલ સાદર રવાના : જીલ્લા વિકાસ અધિકારી, સાબરકાંઠા(હિંમતનગર), પંચમહાલ(ગોધરા), દાહોદ, વડોદરા, ભરૂચ, નર્મદા(રાજપીપળા), સુરત, તાપી,નવસારી, ડાંગ(આહવા), વલસાડ, મહિસાગર, અરવલ્લી, છોટાઉદેપુર

નકલ રવાના : સીનીયર મેનેજર/ ડીવીઝનલ મેનેજર (તમામ) તરફ જાણ તેમજ તેમના ડીવીઝન વિસ્તારની સંબંધિત અનુસૂચિત વિસ્તારની ગ્રામ પંચાયતોને સદરહુ જાહેર વિજ્ઞપ્તિની નકલ પહોંચાડવાની કાર્યવાહી કરવા વિનંતી

નકલ રવાના : વડોદરા ખાતેના તમામ વિભાગીય વડાઓ તરફ જાણ સારૂ.

નકલ રવાના : પી એ ટુ એમ.ડી. તરફ જાણ થવા સારૂ.

સને-૨૦૨૦ની સીઝનના અનુસૂચિત વિસ્તાર (શિડ્યુલ્ડ) અને બિન અનુસૂચિત વિસ્તાર (નોન શિડ્યુલ્ડ)ના બીજી હરાજી બાદ્ બાકી રહી ગયેલ ટીમરૂપાન એકમોની વિગત દર્શાવતુ પત્રક.

**હરાજીની તા.૨૫-૨-૨૦૨૦**

| અ.નં. | જીલ્લા પંચાયત / ડીવીઝનનું નામ | ટીમરૂપાન એકમનું નામ અને નંબર | સંભવિત એક્ત્રીકરણ સ્ટા.બોરા | અ.નં. | જીલ્લા પંચાયત / ડીવીઝનનું નામ | ટીમરૂપાન એકમનું નામ અને નંબર | સંભવિત એક્ત્રીકરણ સ્ટા.બોરા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| 1 | સાબરકાંઠા | ૪-પોશીના | ૩૬૪૦ | 18 | છોટાઉદેપુર | ૭૫-નસવાડી | ૨૦૦ |
| 2 | પંચમહાલ | ૧૬-વિરપુર | ૨૦૦૦ | 19 | નર્મદા | ૭૫-એ-અગર | ૫૦૦ |
| 3 | પંચમહાલ | ૧૮-બાકોર | ૧૮૩૬ | 20 | નર્મદા | ૭૯-ગંગાપુર | ૪૦૦ |
| 4 | પંચમહાલ | ૨૬-કોઠંબા | ૧૧૦૦ | 21 | નર્મદા | ૮૩-આમલેથા | ૮૦૦ |
| 5 | પંચમહાલ | ૨૮-શહેરા | ૫૦ | 22 | ભરૂચ | ૮૪-અસનાવી | ૭૦૦ |
| 6 | પંચમહાલ | ૨૯-ખાંડીયા | ૫૦ | 23 | ભરૂચ | ૮૫-અમલઝેર | ૧૦૦૦ |
| 7 | પંચમહાલ | ૫૪-કાંટુ | ૧૦૫૪ | 24 | ભરૂચ | ૮૬-એ-મોવી | ૫૦૦ |
| 8 | પંચમહાલ | ૫૫-રીંછવાણી | ૧૦૦ | 25 | સુરત | ૮૮-ઉમરપાડા | ૭૦૦ |
| 9 | પંચમહાલ | ૫૬-સીમલીયા | ૩૦૦ | 26 | સુરત | ૮૯-માંડવી | ૩૦૦ |
| 10 | દાહોદ | ૩૭-ઝાલોદ | ૧૧૨૦ | 27 | સુરત | ૯૨-અનાવલ | ૨૦૦ |
| 11 | દાહોદ | ૩૮-દાહોદ | ૮૫૦ | 28 | તાપી | ૯૭-એ-ઉચ્છ્લ | ૬૦૦ |
| 12 | દાહોદ | ૩૯-ગરબાડા | ૩૧૦ | 29 | ડાંગ | ૧૦૦-કાલીબેલ | ૩૫૦ |
| 13 | દાહોદ | ૪૪-લીમખેડા | ૭૫૦ | 30 | નવસારી | ૧૦૩-વાંસદા | ૫૦૦ |
| 14 | દાહોદ | ૪૬-મોટીઝરી | ૧૪૦૦ | 31 | નવસારી | ૧૦૫-એ-ચીખલી | ૧૦૦ |
| 15 | દાહોદ | ૪૭-બારીયા | ૫૫૦ | 32 | વલસાડ | ૧૦૫-ધરમપુર | ૧૦૦ |
| 16 | દાહોદ | ૪૮-રામપુર | ૨૨૫૦ | 33 | વલસાડ | ૧૦૭-નાનાપોંઢા | ૫૦ |
| 17 | દાહોદ | ૫૩-બારા | ૭૫૦ | | | કુલ | **૨૫૧૧૦** |

સ્થળ : વડોદરા

સીની. મેનેજર-એમએફપી

તારીખ : ૨૦-૨-૨૦૨૦